**April 22, 2024**

**BSE Limited**
25th Floor, P J Towers,
Dalal Street, Fort,
Mumbai - 400 001

Dear Sir,

**Sub. : Newspaper Advertisement - Corrigendum to the Notice of the Extraordinary General Meeting**

Please find attached herewith copies of newspaper advertisements published in the Free Press Gujarat (English Language) and Lokmitra (Gujarati Language) on April 21, 2024, both newspapers having electronic editions, publishing the Corrigendum to the Extraordinary General Meeting ("EGM") of the Company scheduled to be held on Tuesday, April 30, 2024 at 11:30 a.m. through Video Conferencing / Other Audio-Visual Means.

You are requested to take the same on your record.

Thanking You,

Yours Faithfully,
**For Praveg Limited**
*(Formerly known as Praveg Communications (India) Limited)*

MUKESHKUMAR SOHANRAM CHAUDHARY

Digitally signed by MUKESHKUMAR SOHANRAM CHAUDHARY
DN: c=IN, o=Personal, title=0179, pseudonym=19B22620E5E3B278960A98DB68CD8BC9, 2.5.4.20=599ec2dd025c4cde7c5a7544d5a48d828c79e81c7971e461c6aa18f71b5e42d1, postalCode=382480, st=Gujarat, serialNumber=1912E6F5F942D0CBC7FE05D21BE0516F43B6A5D4A89A3A1457522D1BBCB252E6, cn=MUKESHKUMAR SOHANRAM CHAUDHARY
Date: 2024.04.22 11:52:55 +05'30'

**Mukesh Chaudhary**
*Company Secretary &*
*Compliance Officer*

Encl. : As Above

# છેલ્લા દિવસે :અમિત શાહ, પાટીલ, ધાનાણીએ વિજય મુહૂર્તમાં ભર્યું ફોર્મ

ગાંધીનગર : લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવાનો આજે છેલ્લો દિવસ છે. ત્યારે ગૃહમંત્રી અમિત શાહ સહિત અનેક ઉમેદવારોએ આજે ઉમેદવારી નોંધાવી. ગાંધીનગર બેઠકના ઉમેદવાર અમિત શાહે વિજય મુર્હતમાં ઉમેદવારી નોંધાવી હતી. તો નવસારીમાં સી.આર. પાટીલ અને નૈષધ દેસાઈ એકસાથે કલેક્ટર કચેરીએ ફોર્મ ભરવા ભેગા થયા હતા. બીજી તરફ, રાજકોટથી કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી સહિત કોંગ્રેસના ૫ ઉમેદવારોએ ફોર્મ ભર્યું. તમોમ જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારી સમક્ષ ફોર્મ રજૂ કર્યું. તો જામનગરથી પૂનમ માડમે પણ ફોર્મ ભર્યું.



**અમિત શાહની ઉમેદવારી**

ગઈકાલે અમદાવાદ ગાંધીનગરમાં ભવ્ય રોડ શો અને રેલી બાદ આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. તેઓએ ગાંધીનગર લોકસભા બેઠક પરથી ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. આ સમયે અમિત શાહ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ હાજર રહ્યા હતા. તો ગાંધીનગર લોકસભાના પ્રભારી મયંક નાયક હાજર રહ્યા હતા.

**પાટીલે વિજય મુહૂર્ત પર ફોર્મ ભર્યું**

નવસારી ભાજપના ઉમેદવાર સી. આર. પાટીલે આજે ઉમેદવારીપત્ર ભર્યુ હતું. સીઆર પાટીલે આજે ૧૨:૩૯ ના વિજય મુહૂર્તમાં પોતાની ઉમેદવારી નોંધાવી હતી. ગત રોજ ભવ્ય રોડ શોને કારણે પાટીલ વિજય મુહૂર્ત ચૂકી ગયા હતા, તેથી તેમણે ગઈકાલે ઉમેદવારીપત્ર ભરવાનું ટાળ્યુ હતું. ગત રોજ વિજય સંકલ્પ રેલીને હજારો સમર્થકોએ ઉત્સાહ સાથે આવકારી હતી. ત્યારે આજે પાટીલે નવસારીથી ઉમેદવારી ફોર્મ ભર્યુ હતું. નવસારી લોકસભા મધ્યસ્થ કાર્યાલય ખાતેથી ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી સહિત ધારાસભ્યો અને સંગઠન આગેવાનો સાથે કલેક્ટર કચેરી પહોંચ્યા હતા. જેના બાદ સી. આર. પાટીલે વિજય મુહૂર્તમાં ઉમેદવારીપત્ર ભર્યુ હતું.

**પરેશ ધાનાણીની સભામાં લાઈટ ગુલ**

તો બીજી તરફ, રાજકોટ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી ઉમેદવારી ફોર્મ ભર્યું. તેમણે જિલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી સમક્ષ ફોર્મ રજૂ કર્યું હતું. જોકે, આ પહેલારાજકોટમાં ધાનાણીની સભામાં અચાનક વીજળી ગૂલ થઈ હતી. ચાલુ સભામાં વીજળી ગૂલ થતાં પરેશ ધાનાણીએ સરકાર પર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યુ હતું કે, ભાજપ દ્વારા જાણી જોઈને લાઈટ કાપી નંખાઈ. ન્ઈઙ્ઘ સ્ક્રીન ચાલુ અને સભામાં લાઈટ નથી. આ બાદ કોંગ્રેસ દ્વારા રામધૂન બોલાવીને વિરોધ નોંધાવાયો હતો.

કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ રાજકોટની લોકસભા બેઠક પર ભાજપના પરસોત્તમ રૂપાલા સામે ઉમેદવારી નોંધાવી છે. તેમણએ ૧૨.૩૯ કલાકના વિજય મુહૂર્તમાં ઉમેદવારી ફોર્મ સોંપ્યુ હતું. ફોર્મ ભરતા પહેલાં બહુમાળી ચોકમાં જાહેર સભા સંબોધી હતી. ધાનાણીના ફોર્મ ભરતાં સમયે શક્તિસિંહ ગોહિલ હાજર રહ્યા હતા.

## ફિઝિયોથેરાપીસ્ટને ડેન્ટીસ્ટ કે આયુર્વેદ ડોકટર સમકક્ષ ના ગણાય : ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ : ફિઝિયોથેરાપીસ્ટ ડોકટરને ડેન્ટીસ્ટ કે આયુર્વેદિક ડોકટર સમકક્ષ ગણવાનો ગુજરાત હાઈકોર્ટે સાફ ઈન્કાર કરી દીધો હતો. ૧૧ જેટલા ફિઝિયોથેરાપીસ્ટ-ફાર્માસીસ્ટ તરફથી કરાયેલી રિટ અરજીમાં તેઓને પણ ક્લાસ-૨ના ગેઝેટેડ ઓફિસર ગણવા દાદ માંગવામાં આવી હતી. જો કે, ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરૂધ્ધા માયીની ખંડપીઠે સ્પષ્ટપણે જણાવ્યું કે, ફિઝિયોથેરાપીસ્ટને આયુર્વેદ ડોકટર કે ડેન્ટીસ્ટ સાથે સરખાવી શકાય જ નહી. હાઈકોર્ટે અરજદારોની રિટ અરજી નકારી કાઢી હતી અને તેઓને કોઈપણ રાહત આપવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો.

હાઈકોર્ટે આ મામલે અરજદારપક્ષને રાજ્ય સરકારમાં સૂચન કરવા જણાવ્યું હતું અને પિટિશનનો નિકાલ કર્યો હતો. હાઈકોર્ટે વધુમાં એવી પણ ટકોર કરી હતી કે, અગાઉ આયુર્વેદિક ડોકટરોને એલોપેથી ડોકટરો સમકક્ષ ગણવાનો નિર્ણય સુપ્રીમકોર્ટે રદ કર્યો હતો. આ તમામ પોસ્ટની કાર્યશૈલી અને ચિકિત્સા પધ્ધતિ અલગ-અલગ હોય છે ત્યારે તેમને એકસરખા ગણાવી શકાય નહી. હાઈકોર્ટ આ માટે રાજ્ય સરકારને કોઈ હુકમ કે નિર્દેશ કરી શકે નહી કારણ કે, આ રાજ્યની વૈધાનિક સત્તાની વાત છે. અરજદારપક્ષ તરફથી એવા મુદ્દા ઉઠાવાયા હતા કે, અરજદારો ફિઝિયોથેરાપીસ્ટ-ફાર્માસીસ્ટ છે, તેઓને ડેન્ટીસ્ટ સમકક્ષ ગણાતા નથી કે જયારે બનેનો અભ્યાસક્રમ ચાર વર્ષનો છે અને તેમની ઈન્ટર્નશીપ પણ છ મહિનાથી એક વર્ષની છે.

# ચૈતર વસાવાને HCમાંથી રાહત; ડેડીયાપાડા વિધાનસભામાં પ્રવેશની મંજૂરી

અમદાવાદ : ચૈતર વસાવાને સૌથી મોટા રાહતના સમાચાર મળી રહ્યા છે. વનકર્મીઓને બોલાવી ધમકી આપવાના ગુનામાં ધારાસભ્ય ચૈતર વસાવાને ગુજરાત હાઈકોર્ટ તરફથી શરતી જામીન પર મુક્ત છે. ચૈતર વસાવાને ૬ મહિના બાદ ડેડીયાપાડા વિધાનસભામાં હાઈકોર્ટે પ્રવેશની મંજૂરી આપી દીધી છે.

આવતીકાલે સવારે દેવમોગરા માતાના દર્શન કરીને ભરૂચ કલેક્ટર ઓફીસ ખાતે ઉમેદવારી પત્ર ભરવા જશે. ૧૯ તારીખથી ડેડીયાપાડા વિધાનસભામાં ચૂંટણી પ્રચાર શરૂ કરશે. અત્યારસુધી નર્મદા જિલ્લામાં પ્રવેશબંધી હતી, જે હવે કોર્ટે શરતોને આધીન દૂર થઈ છે. અત્યાર સુધી ચૈતર વસાવાના ધર્મ પત્નીઓ પ્રચાર કરતા હતા. હવે ચૈતર વસાવા જાતે ડેડીયાપાડા વિધાનસભામાં પ્રચાર કરશે.

લોકસભાના ઉમેદવાર ચૈતર વસાવાએ અગાઉ જિલ્લામાં પ્રચાર માટે મંજૂરી માગી હતી. જેને રાજપીપળાની સેશન્સ કોર્ટે ફગાવી દેતા હાઈકોર્ટમાં અરજી હતી. જેમાં હાઈકોર્ટે ચૈતર વસાવાને રાહત આપી હતી. ગુજરાત હાઈકોર્ટે ચૈતર વસાવાને નર્મદા જિલ્લામાં પ્રવેશ માટે આપી મંજૂરી હતી.

**અગાઉ સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી**

વનકર્મીઓને બોલાવી ધમકી આપવાના ગુનામાં ધારાસભ્ય ચૈતર વસાવા હાલ શરતી જામીન પર મુક્ત છે. દેડિયાપાડા વિધાનસભા બેઠક નર્મદા જિલ્લામાં આવતી હોવાથી ત્યાં પ્રચાર કરવો જરૂરી હોવાથી ચૈતર વસાવાએ નર્મદા જિલ્લામાં પ્રવેશ માટેની મંજૂરી કોર્ટ પાસે માગી હતી. રાજપીપળાની સેશન્સ કોર્ટે તેને ફગાવી દીધી હતી.

# મે મહિનાની અંતિમ તારીખોમાં થઈ શકે છે ચોમાસાની એન્ટ્રી

રાજ્યમાં ચોમાસાને લઈ હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલ દ્વારા આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં આગામી સમયમાં ચોમાસાનું વિધિવત આગમન થશે. રાજ્યમાં ૮ થી ૧૫ જૂન વચ્ચે ચોમાસાનું આગમન થશે. જ્યાં જૂનની શરૂઆતમાં અરબ સાગરમાં હલચલ દેખાશે. તેમજ દક્ષિણ ગુજરાતનાં ભાગોમાં સારો વરસાદ થશે. આ વર્ષના ચોમાસામાં જૂનાગઢ જિલ્લો તેમજ અમરેલી જીલ્લામાં પણ સારો વરસાદ થશે. બનાસકાંઠાનાં જીલ્લામાં પણ સારા એવા પ્રમાણમાં વરસાદ થશે. તેમજ કચ્છ જીલ્લાનાં ભાગોમાં સારો વરસાદ વરસશે. તેમજ ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં સારો વરસાદ થશે.

ભારતીય હવામાન વિભાગ ના મહાનિર્દેશકના જણાવ્યા અનુસાર હાલમાં વિષુવવૃત્તીય પ્રશાંત મહાસાગરમાં અલ નીનોની મધ્યમ સ્થિતિ પ્રવર્તી રહી છે. પરંતુ સારી વાત એ છે કે તે સતત નબળી પડી રહી છે. એવો અંદાજ છે કે ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં ચોમાસાના બીજા તબક્કામાં ત્યાં લા નીના સ્થિતિ ઊભી થઈ શકે છે.

વાસ્તવમાં, લા નીનાને ચોમાસા માટે ફાયદાકારક માનવામાં આવે છે, જયારે અલ નીનો સ્થિતિમાં વરસાદ ઓછો થઈ શકે છે. ઁસ્ડ્ઢએ કહ્યું કે દેશમાં ચોમાસાના આગમન અને દેશના કયા ભાગમાં કેટલો વરસાદ પડશે તે અંગે મેના અંતમાં આગાહી કરવામાં આવશે. ઁસ્ડ્ઢ ચીફે વધુમાં જણાવ્યું કે, ૧૯૫૧ થી ૨૦૨૩ સુધીના ડેટા દર્શાવે છે કે ભારતમાં નવ વખત સામાન્ય કરતાં વધુ ચોમાસાનો વરસાદ નોંધાયો હતો જયારે અલ નીનો પછી લા નીના આવ્યો હતો. તે જ સમયે, દેશમાં ૨૨ લા નીના વર્ષોમાંથી, ૨૦ વખત ચોમાસું સામાન્ય કરતાં વધુ હતું. આ વખતે ઉત્તર-પશ્ચિમ, પૂર્વ અને ઉત્તર-પૂર્વના રાજયોના કેટલાક વિસ્તારોને છોડીને દેશના મોટાભાગના ભાગોમાં સામાન્ય કરતાં વધુ વરસાદની અપેક્ષા છે.

# બાપુઓ બોલ્યાં છે એવું કરશે તો ભાજપને લોકસભામાં નુકસાન નક્કી! આંદોલન પાર્ટ-૨ શરૂ

અમદાવાદ : કેન્દ્રીય મંત્રી અને ભાજપના લોકસભાના રાજકોટના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાના એક નિવેદન બાદ ગુજરાતમાં ઉભો થયો છે વિરોધનો વંટોળ. ક્ષત્રિય સમાજ અંગે રૂપાલાની વિવાદિત ટિપ્પણી હવે ભાજપને ભારે પડી રહી છે. કારણકે, રૂપાલાની ટિકિટ રદ કરવાની માગ સાથે ક્ષત્રિયો હવે રસ્તા પર ઉતરીને આંદોલન કરી રહ્યાં છે. આંદોલન અલગ-અલગ પાર્ટમાં વહેંચીને બાપુઓ પણ આ વખતે પાટીદારવાળી કરી રહ્યાં છે. જો આંદોલન લાંબુ ખેંચાયું તો લોકસભાની ચૂંટણીઓ પર તેની માઠી અસર પડશે.

ઉલ્લેખનીય છેકે, ગાંધીનગરમાં મુખ્યમંત્રી નિવાસસ્થાને મોડી રાત સુધી ચાલેલી બેઠક અનિર્ણિત રહી હતી. સરકાર સાથેની બેઠક નિષ્ફળ ગયા બાદ ક્ષત્રિય સંકલન સમિતિએ એલાન કર્યુ છેકે, જો પરષોત્તમ રૂપાલા તા.૧૯મીએ ફોર્મ પરત નહી ખેચે તો આખાય ગુજરાતમાં ભાજપ વિરૂધ્ધ પ્રચાર ઝુબેશ શરૂ કરાશે. એટલુ જ નહીં, રામનવમી એટલેકે આજથી ભાજપના ચૂંટણી સભામાં કાળા વાવટા ફરકાવીને વિરોધ પ્રદર્શન કરવાનું પણ કરાયું છે એલાન.

**વધી શકે છે ભાજપની મુશ્કેલીઓ:**

કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલાએ કરેલી ટિપ્પણીનો મામલો હજુ શાંત પડતો જ નથી પરિણામે ભાજપની મુશ્કેલીમાં સતત વધારો થઈ રહ્યો છે. મુખ્યમંત્રી નિવાસસ્થાને આયોજીત બેઠકમાં કોઈ સમાધાન થઈ શક્યુ ન હતું. આખરે ક્ષત્રિય સંકલન સમિતીએ એવી જાહેરાત કરી છેકે, રામનવમીથી સમગ્ર ગુજરાતમાં ક્ષત્રિય આંદોલન પાર્ટ-૨ ધમધમતુ થશે. ક્ષત્રિયોની આ ચિમકીને હવે સરકાર અને સંગઠન દ્વારા ગંભીરતાથી લેવામાં આવી રહી છે. કારણકે, આ મામલો હવે વધુ વકરી ચુક્યો છે.

**રૂપાલા મુદ્દે શું છે રાજપૂતોની રણનીતિ?**

ગુજરાતમાં જયાં પણ ભાજપની ચૂંટણી સભા હશે ત્યાં ક્ષત્રિયો શાંતિપૂર્વક કાળા વાવટા ફરકાવી વિરોધ પ્રદર્શન કરશે. ગુજરાતમાં ક્ષત્રિય પ્રભુત્વ જ નહી, પણ બધાય ગામડાઓમાં ભાજપ વિરૂદ્ધ મતદાન કરવાની અપીલ કરતાં બેનરો લગાડવામાં આવશે.

**સરકાર અને સંગઠનને ક્ષત્રિયોનું ફાઈનલ અલ્ટિમેટમઃ**

ક્ષત્રિયો દ્વારા એવી પણ ચિમકી ઉચ્ચારવામાં આવી છેકે, ઉમેદવારની ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ ૧૯મી એપ્રિલ છે. જો રૂપાલા ફોર્મ પરત નહી ખેંચે તો ગુજરાતમાં ભાજપ વિરૂધ્ધ ચૂંટણી પ્રચારને વેગીલો બનાવાશે. તા.૭મીએ મતદાનના દિવસે પણ ભાજપના ઉમેદવારને મત આપશો નહી તેવી મતદારોને અપીલ કરવામાં આવશે. આમ, અત્યાર સુધી રૂપાલાનો જ વિરોધ કરવામાં આવી રહ્યો હતો પણ હવે ક્ષત્રિયોએ ભાજપ સામે મોરચો માંડ્યો છે. આગામી તા, ૧૯મીએ ફરી ક્ષત્રિય સંકલન સમિતીની બેઠક મળનાર છે જેમાં આંદોલનની રણનિતી ઘડવામાં આવશે અને વધુ આંદોલનાત્મક કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવશે.

# રૂપાલા વિવાદમાં આખરે અમિત શાહે સ્ટેન્ડ ક્લિઅર કર્યું! પહેલીવાર ગૃહમંત્રીએ તોડ્યું મૌન

ગાંધીનગર : ગાંધીનગરથી ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પોતાના મતવિસ્તારમાં ઝંઝાવતી પ્રચાર કરી રહ્યા છે. અલગ અલગ વિસ્તારોમાં અમિત શાહ વિશાળ રોડ શો યોજી મતદારો પાસે ભાજપ માટે મત માંગી રહ્યા છે. આ ઘટનાક્રમ વચ્ચે આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ક્ષત્રિયો દ્વારા રૂપાલાના કરવામાં આવતા વિરોધ અંગે એક મહત્વપૂર્ણ નિવેદન આપીને તેમના બચાવમાં આવ્યા હતા.


**રૂપાલાજીએ હ્દયથી માફી માગી લીધી છેઃ અમિત શાહ**

ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ એક કાર્યક્રમમાં ક્ષત્રિયો વિરુદ્ધ વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી. ત્યારબાદ ક્ષત્રિયો આંદોલન કરીને રાજ્યભરમાં વિરોધ કરી રહ્યા છે અને રૂપાલાને હટાવવાની માંગ કરી રહ્યા છે. પરંતુ આજે અમિત શાહના રોડ દરમિયાન જ્યારે તેમણે આ મુદ્દા વિશે પુછવામાં આવ્યું ત્યારે અમિત શાહે જણાવ્યું હતું કે રૂપાલાજીએ હ્દયથી માફી માગી લીધી છે. ગુજરાતની ૨૬માંથી ૨૬ સીટ ગત ચૂંટણી કરતાં વધુ લીડથી જીતશે. પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણ ચારે તરફ ૪૦૦ પારનો મૂડ છે.

મહત્વનું છે કે સાણંદથી શરૂ થયેલા શાહના આ પ્રચંડ પ્રચારમાં રોડ-રસ્તા ભાજપના કાર્યકરોથી ઉભરાઈ ગયા હતા. શાહના સ્વાગત માટે અનેક જગ્યાએ સ્ટેજ બનાવવામાં આવ્યા હતા. આ સ્ટેજ પર સાંસ્કૃતિક પ્રોગ્રામની ઝાકમઝોળ જોવા મળી હતી. શાહના આ મેગા રોડ શોમાં મહિલાઓ પણ મોટી સંખ્યામાં જોવા મળી હતી. ઢોલ નગારાના તાલે સમર્થકો ઝૂમ્યા હતા અને ચારે બાજુ જયશ્રી રામ...૪૦૦ પારના નારા લાગ્યા હતા. શાહના રોડ શોમાં સમર્થકો અને કાર્યકરોનો જમાવડો જોઈ શકાય તેવો હતો. ઠેર ઠેર કેસરિયા ઝંડા જ જોવા મળી રહ્યા હતા. કેસરી સાફા અને ભાજપના સમર્થનમાં ઠેર ઠેર હોડિંગ્સ અને પોસ્ટરોને કારણે આખા માહોલ જાણે ભાજપ મય બની ગયો તેમ લાગતું હતું.

# બાલવાટિકાના અભ્યાસ વિના પણ RTEમાં પ્રવેશ આપવો પડશે, શહેર ડીઈઓ દ્વારા તમામ સ્કૂલોને આદેશ

અમદાવાદ : આરટીઈ હેઠળ હાલ પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે બાલવાટિકામાંથી ધો.૧માં આરટી હેઠળ આવતા બાળકો પાસેથી હાલ એલ.સી માટે દબાણ ન કરવામા આવે તેવો આદેશ સ્કૂલોને ડીઈઓ દ્વારા કરવામા આવ્યો છે અને પ્રવેશ કાર્ડ જેટલા જ દસ્તાવેજ વાલીઓ પાસેથી માંગવાના રહેશે.




**ડીઈઓ દ્વારા તમામ સ્કૂલોને આદેશ**

એક સ્કૂલે વધારાના દસ્તાવેજ મંગાવતા શહેર ડીઈઓ દ્વારા સ્કૂલને નોટિસ આપવામા આવી છે. જ્યારે બાલવાટિકા ન હોય તો પણ આરટીઈમાં પ્રવેશ આપવો પડશે.

અમદાવાદ શહેર ડીઈઓ દ્વારા તમામ ખાનગી સ્કૂલોને આરટીઈ પ્રવેશને લઈને પરિપત્ર કરીને સૂચના આપવામા આવી છે કે જે બાળક જે તે શાળામા બાલવાટિકામાં હોય અને એ જ શાળામાં ધો.૧માં આરટીઈનો પ્રવેશ હોય તો શાળાએ એનો એ જ જીઆર નંબર એસએસએના ઓનલાઈન પોર્ટલમાં નાખવાનો રહેશે તથા એલસી આપવાની જરૂર રહેશે નહીં.

પરંતુ અન્ય સ્કૂલમાં બાલવાટિકાનો અભ્યાસ હોય તો બીજી શાળામાં બાલવાટિકાનો યુ ડાયસ નંબર જનરેટ થયેલો હશે તો જે તે શાળામાં બાલવાટિકાનું અભ્યાસ કર્યું હશે. તે શાળાએ વિદ્યાર્થીને બાલાવટિકાનું એલસી આપવાનું રહેશે.

હાલ બાલવાટિકાની પરીક્ષા તેમજ પરિણામની કાર્યવાહી ચાલતી હોવાથી આરટીઈ પ્રવેશમાં હાલ એલ.સી વગર પ્રવેશ આપી દેવાનો રહેશે. બાલવાટિકાની પરીક્ષા અને પરિણામ કાર્યવાહી પૂરી થયા બાદ એલ.સી મેળવવાની કાર્યવાહી કરવાની રહેશે.

ઉપરાંત જે બાળકો બાલવાટિકામાં અગાઉ ભણ્યા નથી તેઓને પણ આરટીઈમાં પ્રવેશ આપવાના રહેશે. જ્યારે કેટલીક સ્કૂલો બાળકોના વાલી પાસેથી એડમિટ કાર્ડમાં જરૂરી હોય તે સિવાયના પણ દસ્તાવેજો માંગતી હોઈ ડીઈઓ સ્કૂલને વધારાના દસ્તાવેજો ન માંગવા આદેશ કર્યો છે અને આ ચાંદખેડાની એશિયન ગ્લોબલ સ્કૂલને આ મુદ્દે શો કોઝ નોટિસ પણ ડીઈઓએ આપી છે.

# રાજ્યમાં રોજ ૮૦૦ જેટલા લોકો ઢળી પડે છે, ગરમીથી થઈ રહેલી આ સમસ્યાથી ચેતી જજો

અમદાવાદ : ગુજરાતમાં ગરમી તમામ રેકોર્ડ તોડી રહી છે. એક સમયે માત્ર મે અને જુન મહિનામાં ગરમી અનુભવાતી હતી. હવે માર્ચ મહિનાથી જ આકરી ગરમી પડવાની શરૂ થઈ રહી છે. તેમજ હવે આ ગરમી લોકોના સ્વાસ્થય પર પણ અસર કરી રહી છે. લૂ લાગવાથી અનેક લોકોની તબિયત બગડી રહી છે. અપડેટ અનુસાર, ગુજરાતમાં ગરમીને કારણે લૂ લાગવાથી ચક્કર આવવાના રોજના ૮૦૦ કેસ આવી રહ્યાં છે. તેથી આરોગ્ય વિભાગ પણ લોકોને પુષ્કળ પાણી પીવાની સલાહ આપી રહ્યું છે.

ગરમી વધવાની સાથે ગુજરાતમાં બેભાન થઈ જવાના કેસોમાં એકાએક વધારો થઈ રહ્યો છે. આ સિવાય ગરમીને લગતી અન્ય બીમારીઓ જેમ કે, ઝાડા ઉલટી, પેટમાં દુખાવો જેવા કેસ પણ આવી રહ્યાં છે. રાજયમાં રોજના ૮૦૦ લોકો ગરમીને કારણે બેભાન થઈને ઢળી પડે છે. આવા લોકોને ઈમરજન્સીમાં લઈ જતા ૧૦૮ ની સેવામાં કોલનો વધારો થયો છે.

રાજ્ય સરકારે હીટવેટ સામે એલર્ટ જાહેર કર્યું છે. આ માટે એક એક્શન પ્લાન તૈયાર કરાયો છે. જેમાં આરોગ્ય વિભાગ દ્વારા ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે. ગરમીથી રાહત મેળવવા શું શું કરવું તેની માહિતી આ ગાઈડલાઈનમાં આપવામા આવી છે.

રેડિયો સાંભળો, ટી.વી. જૂઓ, હવામાન અંગેના સ્થાનિક સમાચાર માટે વર્તમાન પત્ર વાંચો અથવા હવામાન વિશેની માહિતી આપતી મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરી તેમાંથી માહિતી મેળવો. તરસ ના લાગી હોય તો પણ પૂરતા પ્રમાણમાં પાણી પીવું.

વાઈ, હ્દય, કીડની કે યકૃત સંબંધી બીમારીથી પીડાતા વ્યક્તિઓ કે જેમને પ્રવાહીની માત્રા ઓછી લેવાની હોય તેમણે તેમજ જેમના શરીરમાંથી પ્રવાહીનો નિકાલ ઓછો થતો હોય તેમણે પ્રવાહી લેતા પહેલા ડોકટરની સલાહ અવશ્ય લેવી જોઈએ.

શરીરમાં પ્રવાહીની માત્રા ઓછી ન થાય તે માટે ંઈજી દ્રાવણ અથવા ઘરે બનાવેલા પીણા જેવા કે છાશ, લસ્સી, લીંબુ પાણી, ભાતનું ઓસામણ, નારિયેળ પાણી વગેરેનો ઊપયોગ કરવો.

વજન તેમજ રંગમાં હળવા પ્રકારના સુતરાઉ વસ્ત્રો પહેરવા. જો તમે ઘર ની બહાર હોવ તો માથાનો ભાગ કપડાં, છત્રી કે ટોપીથી ઢાંકી રાખો.

આંખોના રક્ષણ માટે સનગ્લાસીસ અને ત્વચાના રક્ષણ માટે સનસ્ક્રીન લગાવી પ્રાથમિક સારવાર માટેની તાલીમ લો.

લૂ લાગવાની સૌથી વધુ સંભાવના છે તેવા બાળક, સગર્ભા, વૃદ્ધ, બિમાર વ્યક્તિ અને વધુ વજન ધરાવતા વ્યક્તિની વિશેષ કાળજી લેવી.

**કામદાર અને નોકરીદાતાઓએ આટલું ધ્યાન રાખવુંઃ**

કાર્યના સ્થળે પીવાના ઠંડા પાણીની વ્યવસ્થા કરવી. તમામ કામદાર માટે આરામની વ્યવસ્થા, શુધ્ધ પાણી, છાશ, ંઈજી, પ્રાથમિક સારવાર પેટીની વ્યવસ્થા કરવી. કાર્ય કરતી વખતે સીધો સૂર્યપ્રકાશ આવે તેવી સ્થિતિને ટાળવી તેમજ વધુ મહેનત લાગે તેવું કામ દિવસના ઠંડા સમયે ગોઠવવું.

બહારની પ્રવૃત્તિઓ માટે વિશ્રાંતી સમય અને તેની સંખ્યા વધારવી. જે કામદાર વધુ ગરમી વાળા વિસ્તારમાં કાર્ય કરવા ટેવાયેલ નથી તેમને હળવું તેમજ ઓછી અવધી માટે કામ આપવું. સગર્ભા સ્ત્રીઓ તેમજ શારીરિક નબળઈ ધરાવતા કામદાર ઉપર વિશેષ ધ્યાન આપવું. કામદારો ને હીટ વેવ એલેર્ટ વિશે માહિતગાર કરી, શક્ય હોય ત્યાં સુધી ઘરમાં જ રહી, ઘરગથ્થુ ઉપાય કરવા. જેવા કે કાચી કેરી સાથે ડુંગળીનું ધાણાજીરુ નાખેલું કચુંબર લૂ લાગવાની શક્યતા ઘટાડી શકે છે. પંખાનો ઉપયોગ કરવો અને ઢીલા અને સુતરાઉ કપડાં પહેરવા.

PRAVEG Accelerating ideas

**પ્રવેગ લીમીટેડ**

( જે પહેલા પ્રવેગ કૉમ્યુનિકેશન (ઈન્ડિયા) લિમિટેડ તરીકે ઓળખાતી)

CIN : L24231GJ1995PLC024809

૨૧૪, એથેના એવેન્યુ, જગુઆર શૉરૂમ પાછળ,એસ.જી. હાઈવે , ગોતા, અમદાવાદ- ૩૮૨૪૮૧

ફોન : + ૯૧ ૭૯ ૨૭૪૯૬૭૩૭ વેબસાઈટ : www.praveg.com -ઈ-મેલ : cs@praveg.com

**વધારાની સામાન્ય સામાન્ય સભાની સૂચના માં સુધારો**

પ્રવેગ લિમિટેડ ("કંપની") એ કંપનીના સભ્યોની અસાધારણ સામાન્ય સભા બોલાવવા માટે એપ્રિલ ૪, ૨૦૨૪ ("ઈજીએમની સૂચના") ના રોજ નોટિસ જારી કરી છે હવે જે મંગળવાર, ૩૦ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે આઈએસટી વતી યોજાવાની છે. વિડિયો કોન્ફરન્સિંગ (વીસી)/ અન્ય ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમ (ઓએવીએમ) દ્વારા કંપની અધિનિયમ, ૨૦૧૩ ની જોગવાઈઓનું યોગ્ય પાલન કરીને ઈજીએમની નોટિસ કંપનીના શેરધારકોને મોકલવામાં આવી છે. જે તેના હેઠળ બનાવેલા સંબંધિત નિયમો સાથે વાંચવામાં આવી છે.

સેબી (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૮ ની જોગવાઈઓને અનુસંધાને અહીં ઉલ્લેખિત વધારાની વિગતોમાં સુધારો કરવા/ પ્રદાન કરવા નોટિસ આપવા માટે આ કોરિજેન્ડમ જારી કરવામાં આવી રહ્યો છેઃ

ઈજીએમની સૂચનાના ઠરાવ નંબર ૧ / આઈટમ નંબર ૧ ના ખુલાસાત્મક નિવેદનમાં, વ્યક્તિગત વ્યક્તિઓની ઓળખ કે જેઓ ફાળવવા માટે સૂચિત ઈક્વિટી શેરના અંતિમ લાભદાયી માલિકો છે અને/અથવા જેઓ આખરે સૂચિત ફાળવણીને નિયંત્રિત કરે છે તે પ્રદાન કરવામાં આવ્યું છે.

વ્યક્તિગત વ્યક્તિઓની ઓળખની સંશોધિત વિગતો કે જેઓ ફાળવવા માટે સૂચિત ઈક્વિટી શેરના અંતિમ લાભદાયી માલિકો છે અને/અથવા જેઓ આખરે સૂચિત ફાળવણીઓને નિયંત્રિત કરે છે તે નીચે મુજબ વાંચવી જોઈએઃ

| શેરધારકોના નામ | કેટેગરી | અંતિમ લાભદાયી માલિકો |
|---|---|---|
| ટાટા મ્યુચ્યુઅલ ફંડ<br>**ટાટા બિઝનેસ સાયકલ ફંડ** ના નામે થી નિવેશ કરવામાં આવી | નૉન-પ્રમોટર | એન.એ. |
| એમ્પરસેન્ડ ગ્રોથ ઑપરચ્યુનિટી ફંડ સ્કીમ- I | નૉન-પ્રમોટર | અરૂણ સુબ્રમણ્યમ<br>આશિષ સિંઘાનિયા<br>સંજય કુમાર સતપથી |
| એસબીઆઈ જનરલ ઈન્સ્યુરંસ કંપની લિમિટેડ | નૉન-પ્રમોટર | એન.એ. |
| ટીમ્ફ હોલ્ડિંગ | નૉન-પ્રમોટર | શશીન શાહ |
| શામજી ઓપ્ટિમા પ્રાઈવેટ લિમિટેડ | નૉન-પ્રમોટર | ૧.ધર્મેશ કિશોર છેડા અને<br>૨. શ્રેયાંસ ધર્મેશ છેડા |
| ઓક્યુલસ કેપિટલ ગ્રોથ ફંડ | નૉન-પ્રમોટર | ૧.અંકિત સાન્ખીયા<br>૨. અંકિતા સોન્ખીયા<br>૩. મયંક બજાજ<br>૪. બિમલ બજાજ |
| રેખા આર પટેલ | નૉન-પ્રમોટર | સ્વતઃ |
| પ્રોબી ફિનકેપ પ્રાઈવેટ લિમિટેડ | નૉન-પ્રમોટર | ૧. હિતેશકુમાર રસીકલાલ શાહ,<br>૨. શ્રીકેશ પ્રભુલાલ મહેતા<br>૩. શ્રેણિક રસીકલાલ શાહ<br>૪. કેતન રસીકલાલ શાહ |
| હિમ ઈનકેપ પ્રાઈવેટ લિમિટેડ | નૉન-પ્રમોટર | ૧. હિતેશકુમાર રસીકલાલ શાહ, અને<br>૨. શ્રીકેશ પ્રભુલાલ મહેતા |

★ SEBI ICDR રેગ્યુલેશન્સ, ૨૦૧૮ ના નિયમન ૧૬૩(૧)(ક) ની જોગવાઈ અનુસાર અલ્ટીમેટ બેનિફિશિયલ ઓનર લાગુ પડતું નથી.

ઈજીએમની નોટિસ માટેનો આ શુદ્ધિપત્ર એ ઈજીએમની સૂચનાનો એક અભિન્ન ભાગ બનશે જે કંપનીના શેરધારકોને પહેલાથી જ સરક્યુલેટ કરવામાં આવી છે અને તેની તારીખથી અને ત્યારથી, ઈજીએમની સૂચના હંમેશા આ શુદ્ધિપત્ર સાથે મળીને વાંચવામાં આવશે. આ શુદ્ધિપત્ર ફ્રી પ્રેસ ગુજરાત (અંગ્રેજી ભાષા) અને લોકમિત્ર (ગુજરાતી ભાષા)માં પણ પ્રકાશિત કરવામાં આવી રહ્યું છે અને સ્ટોક એક્સચેન્જ એટલે કે BSEની વેબસાઈટ અને કંપનીની વેબસાઈટ (www.praveg.com) પર પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઈજીએમની નોટિસની અન્ય તમામ સામગ્રીઓ, સાચવેલ અને સુધારેલ અથવા સુધારેલ પત્ર દ્વારા પૂરક સિવાય, યથાવત રહેશે.

**બોર્ડના હુકમ દ્વારા**
**પ્રવેગ લીમીટેડ વતી**
**(જે પ્રવેગ કૉમ્યુનિકેશન્સ (ઈન્ડિયા) લિમિટેડ નામે ઓળખાતી)**
**મુકેશ ચૌધરી**
**કંપની સેક્રેટરી**

**સ્થળ : અમદાવાદ**
**તારીખ : ૨૦ એપ્રિલ, ૨૦૨૪**

# કોણ છે ભાજપના ભાજપૂતો? જે સમાજને છોડીને રાજનીતિ માટે બની બેઠાં છે મૌની બાબા

અમદાવાદ : મોદી સરકારના કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલા હાલ ભારે વિવાદમાં છે. લોકસભાની ચૂંટણી માટે ભાજપે રાજકોટથી ઉમેદવાર તરીકે રૂપાલાનું નામ જાહેર કર્યું એની સાથે જ વિવાદ શરૂ થઈ ગયો. પહેલાં આંતરિક વિખવાદ સામે આવ્યો. ત્યાર બાદ રૂપાલાએ એક કાર્યક્રમમાં ક્ષત્રિય સમાજ અંગે કરેલી નિવેદનથી માહોલ જબ્બર ગરમાયો. ગુજરાતમાં હાલ સૌથી વધુ ચર્ચાનો કોઈ વિષય હોય તો એ છે પરસોત્તમ રૂપાલાનાના નિવેદન બાદ ક્ષત્રિય સમાજમાં થઈ રહેલો વિરોધ. ક્ષત્રિય સમાજ એવો આક્ષપ કરી રહ્યો છેકે, ભાજપમાં જેટલાં પણ રાજપૂતો છે એ રાજપૂતો નહીં પણ ભાજપૂતો છે. સમાજને બદલે સરકાર અને રાજકીય પક્ષની પડખે ઉભા રહેનારા રાજપૂત નેતાઓ સામે અહીં સવાલ ઉઠી રહ્યાં છે.

ત્યારે એ પણ જોઈએ કોણ છે એ રાજપૂતો જે બની ગયા છે ભાજપના ભાજપૂતો. અને ભાજપના ભાજપૂત બનીને પોતાની રાજનીતિ માટે મોનીબાબા બનીને આખા ક્ષત્રિય સમાજના અપમાનના મુદ્દે મૌન સેવી રહ્યાં છે. ક્ષત્રિય સમાજના અગ્રણી એવા ભાવનગરના રાજવીએ સૌથી પહેલાં આક્ષેપ કર્યો હતોકે, ભાજપમાં જેટલાં પણ રાજપૂતો છે એ ભાજપૂતો થઈ ગયા છે.

**ક્ષત્રિય સમાજમાં ભારે રોષ ફેલાયો, આ નેતાઓના પ્રયાસો સરાહનીય પણ સમાજમાં રોષ**

**બળવંતસિંહ રાજપૂત (ગુજરાત સરકારની કેબિનેટમાં સ્થાન ધરાવતા ઉદ્યોગ મંત્રી):**

બળવંતતસિંહ રાજપૂત વર્ષો સુધી કોંગ્રેસમાં રહ્યાં. સિદ્ધપુરથી ચૂંટણી લડ્યા, પહેલાં હાર્યા પછી જીત્યાં. ધારાસભ્ય તરીકે રહ્યાં. રાજ્યસભા પણ લડ્યાં. જીઆઈડીસીના ચેરમેન રહ્યાં. હાલ ગુજરાત સરકારની કેબિનેટમાં ઉદ્યોગમંત્રી છે. એક સમયે ગુજરાતના તમામ ધારાસભ્યમાં સૌથી ધનાઢ્ય ધારાસભ્ય પણ રહ્યાં. ક્ષત્રિય સમાજના કાર્યક્રમોમાં મંચ પર દેખાતા આ નેતા શું હાલ ભાજપના થઈને રહી ગયા છે એવો આક્ષેપ ખુદ ક્ષત્રિયો કરી રહ્યાં છે.

**પ્રદિપસિંહ જાડેજા (ગુજરાત સરકારના પૂર્વ ગૃહરાજ્ય મંત્રી):**


પ્રદિપસિંહ જાડેજા સંઘના જુના કાર્યકર રહ્યાં. ત્યાર બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને પછી ગુજરાત સરકારમાં ધારાસભ્ય તરીકે વર્ષો સુધી રહ્યાં. વર્ષો સુધી ગુજરાત સરકારમાં મંત્રી પદ પર રહ્યાં છે. છેલ્લાં બે ટર્મ ગુજરાત સરકારના ગૃહ રાજયમંત્રી તરીકે રહ્યાં. અમદાવાદની પહેલાં અસારવા અને બાદમાં વટવા બેઠકથી ધારાસભ્ય તરીકે ભાજપના પ્રતિનિધિ તરીકે ગૃહમાં પ્રવેશ મેળવ્યો. મોદી સરકારે નો રિપીટ ફોર્મ્યુલા અજમાવતા ઘરભેગા થવાનો વારો આવ્યો છે. હાલ સંગઠનમાં છે. પણ હજુ પણ મનમાં સત્તાની ઈચ્છા હોય એ સ્વભાવિક છે.

ભૂપેન્દ્રસિંહ ચુડાસમા વર્ષોથી ગુજરાત સરકારમાં મંત્રી તરીકે રહ્યાં. નરેન્દ્ર મોદીથી લઈને આનંદીબેન અને રૂપાણીની સરકારમાં પણ તેઓ મંત્રી પદ પર રહ્યાં. છેલ્લે તેઓ ગુજરાત રાજયના શિક્ષણમંત્રીના પદ પર હતાં. તેમની ચૂંટણીનો હાર-જીતનો મામલો પણ ભારે વિવાદમાં રહ્યો હતો. નોરિપિટ ફોરમ્યુલામાં એ પણ ઘરભેગા થયા હતાં. જોકે, તેઓ પણ સત્તાનું સ્થાન શોધી રહ્યાં હોય એ સ્વભાવિક છે. એવામાં સમાજની સાથે રહેવું કે સંગઠન એટલેકે, રાજકીય પક્ષની સાથે એ મુદ્દો અહીં પણ આવે છે.

આઈ.કે.જાડેજા ગુજરાતની ભાજપ સરકારમાં મંત્રી પણ રહ્યાં. લાંબા સમયથી સંગઠનમાં રહીને કામ કરી રહ્યાં છે. જોકે, મનમાં ચોક્કસ ઈચ્છા હોય સરકારમાં જવાની સત્તા સ્થાને બિરાજવાની. હવે આવી સ્થિતિમાં ધર્મ સંકટ એ છેકે, સરકાર સાથે રહેવું કે સમાજ સાથે. આ સવાલ તેમની સામે પણ તેમનો સમાજ કરી રહ્યો છે.

જયદ્રથસિંહ પરમાર એ સૌરાષ્ટ્રનું એક મોટું માથું ગણાતા. ક્ષત્રિય સમાજના અગ્રણી એવા જયદ્રથસિંહ પણ ભાજપમાં ધારાસભ્ય રહ્યાં અને સરકારમાં મંત્રી પદ પણ ભોગવ્યું. તેઓ પાસે રાજ્યકક્ષાના મંત્રી પદનો હવાલો હતો. સવાલ એ થાય છેકે, તેઓ હવે સરકાર સાથે છે કે સમાજ સાથે. આ સવાલ અમે નહીં પણ ખુદ ક્ષત્રિય સમાજ કરી રહ્યો છે.

# Dubai flyer caught carrying gold worth Rs 18L in airpods



SURAT: When thousands of passengers landing at or taking off from the Dubai Airport were worried for their lives due to the flooding there, a man was working on how to bring gold to India without paying duties.

He succeeded and his flight was among the last few to take off amid heavy rain.

However, he ran out of luck when he landed at Surat International Airport (SIA) on Wednesday.

Customs officials recovered 240 gram of gold worth Rs 18 lakh from the passenger.

The gold consignment included four pieces hidden in the cavity of airpod charging cases and one gold semicircular piece fixed inside a mini juice blender. The recovered gold was of 24 carat purest form. In the juicer, the gold piece was fixed in place of a magnetic part.

In the airpod, the ear-plugs were inside the charging case and working. The man used the cavity inside the airpod charging cases and got gold pieces prepared of accurate size.

After the arrival of the Dubai flight at Surat, the passenger was asked to step aside. The passenger did not disclose if he was carrying any valuables that attract import duty. The officials examined his luggage but failed to recover anything.

Meanwhile, customs officials noticed packed boxes of airpod. The airpods were packed like brand new company packed boxes. On suspicion, the officials opened the boxes.

There were earplugs inside the charging case. It again confused the officials but ultimately one more attempt helped them reveal gold bars when they separated the case cover from internal parts.

# Arvind Kejriwal's wife Sunita Kejriwal is AAP star campaigner in Gujarat

Ahmedabadd : Marking her debut in active political campaigning in the upcoming Lok Sabha polls, the Aam Aadmi Party on Tuesday announced that Sunita Kejriwal - wife of Delhi chief minister Arvind Kejriwal will be a star campaigner for the party in the Lok Sabha polls in Gujarat. Her name figures at the top immediately after Arvind Kejriwal on a list of 40 star campaigners for the state.

Kejriwal was arrested by the Enforcement Directorate (ED) on March 21 in a money laundering case linked to the now-scrapped Delhi excise policy and is currently lodged in Tihar jail. Gujarat goes to polls in a single phase on May 7. Of the 26 Lok Sabha seats in Gujarat, the AAP is fighting two -- Bharuch and Bhavnagar -- as part of the INDIA bloc, while its ally Congress is contesting the remaining 24 seats. The AAP has fielded sitting MLAs Chaitar Vasava from Bharuch and Umesh Makwana from Bhavnagar.

Sunita had marked her first big presence at the INDIA Alliance show of unity on March 31 where in her maiden political speech, Sunita read out a message purportedly written by her husband from the Enforcement Directorate's custody.

Since the Delhi CM and AAP national convener was arrested, Sunita has been seen reading out his messages in digital press conferences and conveying it to party leaders and MLAs. As star campaigner, she will now be stepping into an active role in steering the party's political outreach in Gujarat seen as a BJP bation and Prime Minister Narendra Modi's home turf.

The list of star campaigners submitted to the Election Commission of India also includes names of former deputy CM Manish Sisodia and former health minister Satyendar Jain. They too are currently lodged in Tihar jail. By putting their names on the list, AAP has reiterated its position since the arrest of Kejriwal that he remains the face of the party. While Sisodia is in jail in the same case, Jain is lodged in prison in a separate money laundering case.

The list also has names of AAP's senior leaders - Punjab CM Bhagwant Mann, Rajya Sabha MPs Sandeep Pathak, Sanjay Singh and Raghav Chadha who has been out of action for quite some time now as he underwent an emergency eye surgery in London at the end of March and was asked to rest for about three weeks. He is yet to return. Delhi ministers including Gopal Rai who is also the Delhi state convener of AAP, Atishi, Saurabh Bhardwaj, Kailash Gahlot and Imran Hussain are on the list of 40. AAP national secretary Pankaj Gupta and party's current president Isudan Gadhvi and former Gujarat state president Gopal Italia are also star campaigners. AAP had won five seats in the assembly polls in the state in 2022 with a vote share of 12.92%.

# Terrific 25 for Gujarat in UPSC results

Ahmedabad/Surat: Tuesday was a historic day for Gujarat with a record 25 Union Public Service Commission (UPSC) candidates from the state clearing the exam, surpassing the previous record of 22 in 2014. Among them are five women, which too is a first for the state. Out of the 25, three finished in the top 100, while three others carried ranks between 101 and 200. Among the state's toppers is Anjali Thakur from Surat ranked 43rd who is looking at a career in the Indian Administrative Service (IAS). "It is a dream come true. I started preparations in 2019 and worked hard during the Covid pandemic. In my second attempt, I was selected in Indian Post and Telecommunication Accounts and Financial Service for which I was undergoing training," she told TOI. Thakur, who passed the exam with sociology as her subject, said that since she had mentioned watching films as one of her hobbies, interviewers asked her about the changing roles of women in films, along with a question on the Russia-Ukraine conflict.

For Atul Tyagi, ranked 62nd, Gujarat has been for the past 12 years. "I studied in Kendriya Vidyalaya in Gujarat and did my bachelor's degree in English from the MS University of Baroda," said the son of a central govt employee, who has set his eyes on Indian Foreign Service (IFS). "This was my third attempt. In the previous two, I secured 291st and 145th ranks respectively. I had selected only IFS as the choice of cadre, and hence several of the questions during my interview were on that," said Tyagi. There are no short cuts, he says, advising aspirants to focus on basic books. "Stick to basics in the prelims and be creative with a clear vision in the mains – I opted for balanced arguments in my answers," said Tyagi.

Kanchan Gohil (rank 506) is the daughter of a farmer and hails from Gir Somnath district. "This was my second attempt as I had cleared the prelims in 2022. My focus shifted to civil services after Class 12. I started preparations in 2019 and worked hard during the Covid pandemic. In my second attempt, I was selected in Indian Post and Telecommunication Accounts and Financial Service for which I was undergoing training," she told TOI. Thakur, who passed the exam with sociology as her subject, said that since she had mentioned watching films as one of her hobbies, interviewers asked her about the changing roles of women in films, along with a question on the Russia-Ukraine conflict.

# Kshatriyas to intensify protests



Gandhinagar: The Kshatriya Coordination Committee, which has been spearheading protests against the candidature of union minister Parshottam Rupala from the Rajkot LS seat, announced on Tuesday that it will intensify its agitation from Wednesday. Even as Rupala filed his nomination papers from the Rajkot on Tuesday, the Kshatriya community has been demanding that the BJP replace him as its candidate for his utterances that royals of the erstwhile princely states broke bread with foreign rulers and even married their daughters to them. A meeting held till late in the night on Monday between BJP leaders and those of the Kshatriya community was inconclusive as Kshatriya community leaders remained steadfast in their stance that Rupala be replaced as BJP candidate. Community leaders said that they will stage non-violent protests by waving black flags at BJP campaign meetings, and appeals will be made to people not to cast their vote for BJP candidates. The coordination committee will meet again on April 19 to announce the next course of action, the leaders said.

## Widow ends life over water crisis

Rajkot: The suicide of a 52-year-old woman in Bhuj town of Kutch on April 13 has been revealed to be a fall-out of frequent fights with neighbours over water due to the acute scarcity prevailing since a fortnight. The woman, Jamna Birsa, who was living alone after her husband's death, was found hanging by her daughter Chhaya who rushed to Bhuj from Gandhidham as she did not answer her calls. Based on Chhaya's complaint, the Bhuj City B-division police lodged an abetment to suicide offence against 11 people including Arvind Rajgot, his wife Bhavna and two sons Mit and Anjul, and others.

# CR misses 'vijay muhurat' as crowd swells in Navsari

SURAT: State BJP president and Navsari MP, CR Paatil, missed the 'vijay muhurat' of 12.39pm on Thursday after a massive show of strength that saw a large number of people flooding his roadshow to the collector's office in Navsari.

Paatil, who had won Navsari seat in 2019 with a staggering margin of 6.89 lakh votes, will file the nomination papers on Friday. Chief Minister Bhupendra Patel, BJP general secretary Ratnakar, finance minister Kanu Desai, and junior home minister Harsh Sanghavi were accompanying Paatil in the roadshow of that started from his campaign office and passed through Circuit House, Lunsikui Ground, court complex, Juna Thana, Vivekanand Statue and Shivani Park to reach the collector office. Patil was supposed to submit his papers at 12:39pm sharp. However, he could not reach in time "Paatil religiously follows the muhurt tradition of the Hindu faith. He believes such beliefs are important to get success," said a senior BJP leader. "As a large number of people converged on the roadshow route to greet Paatil, he could not reach the collector's office in time and missed the muhurat of 12.39 pm. We follow Hindu culture and that's why the muhurat is important for us," said Narottam Patel, a BJP veteran and former minister. Jigar Jani, the priest who was supposed to perform rituals before the nomination form submission, confirmed that Paatil will file his papers on Friday. Friday is the last date for filing nomination papers for all the 26 Lok Sabha seats in Gujarat. Polling on all these seats will be held on May 7. Patil was supposed to submit his papers at 12:39pm sharp. However, he could not reach in time "Paatil religiously fol lows the muhurt tradition of the Hindu faith.

# Special kids create voter awareness in Vadodara city



Vadodara: Children with learning disability on Tuesday showcased their creative skills while spreading awareness for voting during the forthcoming Lok Sabha polls. Over 140 differently abled students of city-based Urmi Divyang Therapy Centre organized a pop-up market at the Urmi School premises where a 20-foot rangoli was also created to raise voter awareness. The centre, operated by BRG Group, had organized 'Umango Ki Haat' where items crafted by the special children through out the year were showcased in a pop-up market. The stalls at the 'Umango ki Haat' exhibited handicrafts including pottery, jewellery, accessories, and decorative items, all made by the children. Additionally, eco-friendly bags adorned with artistic designs, prepared by the children, were also sold at this market. Proceeds of the same will go towards the development of the kids of the therapy centre. Over 52 children of the therapy centre and Urmi School spent 8 hours creating a 20-foot rangoli as an attempt to create largest rangoli meant for spreading voting campaign. Along with rangoli, details of mobile applications that are useful to voters were also shared during the day. The event saw presence of district development officer Mamta Hirpara, district social security officer Mayank Trivedi, BRG Group's chairperson Lataben Gupta, chairman and managing director Sargam Gupta among others. The stalls at the 'Umango ki Haat' exhibited handicrafts including pottery, jewellery, accessories, and decorative items, all made by the children. Additionally, eco-friendly bags adorned with artistic designs, prepared by the children, were also sold at this market.

# In IPL, you've to be very good every day'

Ahmedabad: Delhi Capitals head coach Ricky Ponting believes his team has to be very good every day to stay ahead of others in the IPL. The Capitals take on the Gujarat Titans here on Wednesday.

Addressing the media in a pre-match press conference, Ponting said, "The overriding message from me to the players over the last six games is how close we've been. We could easily be sitting here with five wins and one loss. So, we understand how close the tournament is, but you can't afford to be close to be good in the IPL. You've got to turn up and be very good every day."

Asked if Titans' leg spinner Rashid Khan and left-arm wrist spinner Noor Ahmad bowling to Capitals' left-handers would benefit the visitors, the former Australian captain said, "We will structure our batting order tomorrow to make sure that we've got the right batsmen against their spinners in those crucial middle overs of the game. There's even a possibility that we can throw some of our other left-handers up slightly higher in order to try and combat what GT do with their spin bowling. The other thing that I'm not ruling out tomorrow is that they might even play another spinner (Jayant Yadav). So these are all the scenarios that we're talking about."

He added, "The batters are aware of the skill set they'll need tomorrow to take on this Gujarat side. We are just looking forward to the contest." Talking about the team's campaign so far, Ponting said, "We know we've got to get better in certain areas of our cricket. And trust me, we're working really hard every day to make sure that we're as well prepared as we can be."

# Wife of man 'missing' from lock-up refuses compensation

Ahmedabad: The wife of a man who allegedly went missing from police lock-up four years ago has refused to accept any compensation that may be offered to her as suggested by the Gujarat high court. After the police told the court that all efforts made by them to trace Jivaji Chauhan, a resident of Bardoli Bariya village near Dehgam, have been futile, the court suggested she be given some compensation with an assurance that the search for him will continue. However, the petitioner's wife is not inclined to accept the compensation and wants him produced in the court. Chauhan was arrested by Dehgam police in March 2020 and has not returned home since. His wife Savitaben filed a habeas corpus petition urging that he be produced in the court. Savitaben claimed her husband was arrested by assistant sub-inspector Rameshgiri Goswami in connection with a scuffle in the village and taken to Dehgam police station. He has not been heard of since. Upon HC's queries, it was revealed that the man was detained and ordered to be released on bail by an executive magistrate. However, at the same time, an FIR was lodged against him. While cops claimed Jivaji was allowed to go, his wife disputed it. This led the HC to order Gandhinagar superintendent of police to take up the probe. CID (Crime) was later roped in to trace him but to no avail. An FIR was also filed against ASI Goswami at a belated stage, in Aug 2023, and an investigation was initiated into what had transpired after Jivaji's arrest. As Jivaji's whereabouts remained unknown despite a long search, the judges suggested the petitioner may be given some compensation with an assurance that her accepting it would not put an end to the case and that the cops will continue looking for him.

# Indian Railways operates Record Number of additional Trains in Summer Season 2024

Ahmedabad, To ensure the convenience of passengers and manage the anticipated surge in travel demand during summers, Indian Railways is operating a record-breaking 9111 trips during summer season. This marks a substantial rise compared to the summer of 2023, where a total of 6369 trips were offered. This translates to an increase of 2742 trips, demonstrating Indian Railways' commitment to meeting passenger demands effectively. The additional trains have been meticulously planned to connect key destinations across the country, ensuring seamless travel on major railway routes. All zonal railways spread across India have geared up to operate these additional trips, catering to the summer travel rush from states like Tamil Nadu, Maharashtra, Gujarat, Odisha, West Bengal, Bihar, Uttar Pradesh, Karnataka, Andhra Pradesh, Telangana, Jharkhand, Madhya Pradesh, Rajasthan and Delhi. Planning and running of additional trains is a continuous process for which inputs are taken from all the communication channels 24x7 like media reports, Social media platforms, Railway Integrated helpline number 139, apart from details of waitlist passengers in PRS system, to assess demand of trains on a particular route.


**ICICI Home Finance** | **Corporate Office:** ICICI Home Finance Company Limited ICICI HFC Tower, Andheri - Kurla Road, Andheri (East), Mumbai - 400059, India

**Branch Office:** Unit No. 03, 1st floor, Shanti Complex, Plot No P-50/1, G.I.D.C. B/H, 21st Century Hospital, Vapi- 396195

[See proviso to rule 8(6)]

**Notice for sale of immovable assets**

E-Auction Sale Notice for Sale of Immovable Assets under the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 read with proviso to Rule 8 (6) of the Security Interest (Enforcement) Rules, 2002.

Notice is hereby given to the public in general and in particular to the Borrower(s) and Guarantor(s) that the below described immovable property mortgaged/charged to the Secured Creditor, the **Physical Possession** tageof which has been taken by the Authorized Officer of ICICI Home Finance Company Ltd., will be sold on "As is where is", "As is what is", and "Whatever there is", as per the brief particulars given hereunder;

| Sr. No. | Name of Borrower(s)/ Co Borrowers/ Guarantors/ Legal Heirs. Loan Account No. | Details of the Secured asset(s) with known encumbrances, if any | Amount Outstanding | Reserve Price / Earnest Money Deposit | Date and Time of Property Inspection | Date & Time of Auction |
|---|---|---|---|---|---|---|
| (A) | (B) | (C) | (D) | (E) | (F) | (G) |
| 1. | Manas Ranjan Shatapathi (Borrower) Rashmita Satapathy (Co-Borrower) Loan Account No. LHVPI00001317332 | Flat No.107, 1st Floor, Building C-2, Sai Shraddha Residency, Near Vraj Vatika, Survey No.47/2, Vilage Morai, Vapi- 396191 | Rs. 10,08,210/- April 12, 2024 | Rs. 7,53,990/- / Rs. 75,400/- | April 28, 2024 11:00 AM 03:00 PM | May 10, 2024 02:00 PM 03:00 PM |

The online auction will be conducted on website **(URL Link- https://BestAuctionDeal.com)** of our auction agency **Globe Tech.** The Mortgagors/ notice are given a last chance to pay the total dues with further interest till **May 09, 2024** before **05:00 PM** else these secured assets will be sold as per above schedule.

The Prospective Bidder(s) must submit the Earnest Money Deposit (EMD) RTGS/ Demand Draft (DD) (Refer Column E) at **ICICI Home Finance Company Limited, Unit No. 03, 1st floor, Shanti Complex, Plot No P-50/1, G.I.D.C. B/H, 21st Century Hospital, Vapi- 396195.** or before **May 09, 2024** before **04:00 PM.** The Prospective Bidder(s) must also submit signed copy of Registration Form & Bid Terms and Conditions form at **ICICI Home Finance Company Limited, Unit No. 03, 1st floor, Shanti Complex, Plot No P-50/1, G.I.D.C. B/H, 21st Century Hospital, Vapi- 396195.** or before **May 09, 2024** before **05:00 PM.** Earnest Money Deposit Demand Draft (DD) should be from a Nationalized/ Scheduled Bank in favorof **"ICICI Home Finance Company Ltd.**-Auction"payable at **Vapi.**

For any further clarifications with regards to inspection, terms and conditions of the auction or submission of tenders, kindly contact **ICICI Home Finance Company Limited** on **9920807300** or our Sales & Marketing Partner **NexXen Solutions Private Limited.**

The Authorized Officer reserves the right to reject any or all the bids without furnishing any further reasons.

For detailed terms and conditions of the sale, please visit **https://www.icicihfc.com/**

**Date : April 21, 2024**
**Place : Vapi**

**Authorized Officer**
**ICICI Home Finance Company Limited**



PRAVEG
Accelerating ideas

**PRAVEG LIMITED**

(Formerly known as Praveg Communications (India) Limited)

**CIN: L24231GJ1995PLC024809**

214, Athena Avenue, Behind Jaguar Showroom, S.G. Highway, Gota, Ahmedabad-382481 | Website: www.praveg.com | Email: cs@praveg.com | Phone: +91 79 27496737

**CORRIGENDUM TO THE NOTICE OF EXTRAORDINARY GENERAL MEETING**

Praveg Limited ("Company") has issued a notice dated April 4, 2024 ("Notice of EGM") for convening an ExtraordinaryGeneral Meeting of the members of the Company which is scheduled to be held on Tuesday, April 30, 2024at 11:30 a.m. IST through Video Conferencing (VC) / Other Audio-Visual Means (OAVM). The Notice of the EGM has been dispatched to the shareholders of the Company in due compliance with the provisions of the Companies Act, 2013 read with the relevant rules made thereunder.

This corrigendum is being issued to give notice to amend/ provide additional details as mentioned herein and pursuant to the provisions of SEBI (Issue of Capital and Disclosure Requirements) Regulations, 2018:

In Explanatory Statement of Resolution No. 1 / Item No. 1 of the Notice of the EGM, Identity of the natural persons who are the ultimate beneficial owners of the Equity Shares proposed to be allotted and/or who ultimately control the proposed allotteeshave been provided.

The revised details of Identity of the natural persons who are the ultimate beneficial owners of the Equity Shares proposed to be allotted and/or who ultimately control the proposed allotteesshould be read as follows:

| Name of Shareholders | Category | Ultimate Beneficial Owner |
|---|---|---|
| Tata Mutual Fund (investing through its fund namely Tata Business Cycle Fund) | Non-Promoter | N.A.* |
| Ampersand Growth Opportunities Fund Scheme - I | Non-Promoter | Arun Subrahmanyam<br>Ashish Singhania<br>Sanjaya Kumar Satapathy |
| SBI General Insurance Company Limited | Non-Promoter | N.A.* |
| TIMF Holdings | Non-Promoter | Shashin Shah |
| Shamji Optima Private Limited | Non-Promoter | 1. Dharmesh Kishore Chheda; and<br>2. Shreyansh Dharmesh Chheda |
| Oculus Capital Growth Fund | Non-Promoter | 1. Ankit Sonkhiya<br>2. Ankita Sonkhiya<br>3. Mayank Bajaj<br>4. Bimal Bajaj |
| Rekha R Patel | Non-Promoter | Self |
| Probi Fincap Private Limited | Non-Promoter | 1. Hiteshkumar Rasiklal Shah;<br>2. Shrikesh Prabhulal Mehta<br>3. Shrenik Rasiklal Shah<br>4. Ketan Rasiklal Shah |
| Him Incap Private Limited | Non-Promoter | 1. Hiteshkumar Rasiklal Shah; and<br>2. Shrikesh Prabhulal Mehta |

* Ultimate Beneficial Owner are not applicable in terms of proviso to Regulation 163(1)(f) of SEBI ICDR Regulations, 2018.

This Corrigendum to the Notice of the EGM shall form an integral part of the Notice of EGM which has already been circulated to shareholders of Company and on and from the date hereof, the Notice of the EGM shall always be read in conjunction with this Corrigendum. This corrigendum is also being published in the Free Press Gujarat (English Language) and Lokmitra (Gujarati Language) and will also be made available on website of the stock exchange i.e. BSE and on the website of the Company (www.praveg.com). All other contents of the Notice of EGM, save and except as modified or supplemented by the Corrigendum, shall remain unchanged.

**For Praveg Communications (India) Limited**
(Formerly known as Sword and Shield Pharma Limited)
Sd/-
**Mukesh Chaudhary**
Company Secretary

Date : **April 20,2024**
Place : **Ahmedabad**